# પ્રસાર ભારતી
# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 15-Nov-2024 સવારે : 7.45 થી 7.55

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી બિહારના જમુઈ ખાતે કરશે.
2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું કે, ‘આદિવાસી સમુદાયના લોકો વિકસિત બનશે ત્યારે દેશ ખરા અર્થમાં વિકસિત બનશે.’
3) મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભા ચૂંટણી માટેનો પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે.
4) દેશમાં એપ્રિલથી ઑક્ટોબર સુધીના સમયગાળામાં નિકાસ દરમાં 7.28 ટકાનો વધારો નોંધાયો.
5) ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે જૉન્સનબર્ગમાં આજે ચોથી અને અંતિમ ટી-20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ રમાશે.
6) ગુજરાત સહિત દેશભરમાં આજે દેવ-દિવાળી અને ગુરુનાનક જયંતી નિમિત્તે મંદિરો અને ગુરુદ્વારાઓમાં વિશેષ કાર્યક્રમ.

## *PM JANJATIYA*

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે જનજાતીય ગૌરવ દિવસ નિમિત્તે બિહારના જમુઈ ખાતે પહોંચશે. ભગવાન બિરસા મુંડાની જયંતિની ઉજવણી કરવા દર વર્ષે 15 નવેમ્બરે જનજાતીય ગૌરવ દિવસ મનાવવામાં આવે છે. આજથી જ ભગવાન બિરસા**

મુંડાની 150મી જયંતિ સમારોહનો શુભારંભ થઈ રહ્યો છે. આ પ્રસંગે પ્રધાનમંત્રી મોદી ભગવાન બિરસા મુંડાના સન્માનમાં સ્મારક સિક્કા અને ટપાલ ટિકિટ પણ જાહેર કરશે. તેઓ ગ્રામ્ય અને આંતરિયાળ વિસ્તારમાં જનજાતીય સમુદાયના વિકાસ માટે છ હજાર 640 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનો શુભારંભ અને શિલાન્યાસ કરશે.

આકાશવાણી દિલ્હી પોતાના એફ.એમ. ગોલ્ડ અને ઇન્દ્રપ્રસ્થ ચેનલ પર સવારે સાડા 11 વાગ્યાથી સમારોહનું સીધું પ્રસારણ કરશે. આકાશવાણી લાઈવ ન્યૂઝ 24 બાય 7 પર પણ આ કાર્યક્રમનું પ્રસારણ થશે.

શ્રી મોદી પ્રધાનમંત્રી જનજાતીય આદિવાસી ન્યાય મહાઅભિયાન અંતર્ગત બનેલા 11 હજાર આવાસના ગૃહપ્રવેશમાં પણ ઉપસ્થિત રહેશે. તેઓ 23 મોબાઈલ તબીબી એકમો અને પ્રધાનમંત્રી જનમન તથા ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન અંતર્ગત અન્ય મોબાઈલ તબીબી એકમોનું પણ ઉદ્ઘાટન કરશે. ઉપરાંત શ્રી મોદી જનજાતીય વિસ્તારોમાં માર્ગ જોડાણ વધારવા માટે 500 કિલોમીટરના નવા રસ્તાનો શિલાન્યાસ પણ કરશે. જનજાતીય ગૌરવ દિવસ દેશના સ્વતંત્રતા સંગ્રામ તથા વારસાના રક્ષણ તેમજ પ્રગતિમાં જનજાતિ સમુદાયોના મહત્વના યોગદાનને દર્શાવે છે. સંથાલ, તમાર, કોલ, ભીલ, ખાસી અને મિજો સમુદાયોએ સ્વતંત્રતા સંગ્રામમાં મહત્વની ભૂમિકા નિભાવી હતી.

.................

## *PM BODOLAND MAHOTSAV*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં પેહલા બોડોલેન્ડ મહોત્સવનું ઉદ્ઘાટન કરશે. આ 2 દિવસના મહોત્સવ ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિ પર આધારિત મોટું આયોજન છે. તેનો ઉદ્દેશ માત્ર બોડોલેન્ડમાં જ નહીં, પરંતુ આસામ, પશ્ચિમ બંગાળ, નેપાળ અને ઉત્તર-પૂર્વના આંતરરાષ્ટ્રીય સરહદી વિસ્તારમાં રહેતા સ્વદેશી બોડો લોકોને એકત્રિત કરવાનો છે.

બોડોલેન્ડ મહોત્સવનો વિષય "સમૃદ્ધ ભારત માટે શાંતિ અને સ્વભાવ" છે. આ મહોત્સવના માધ્યમથી બોડોલેન્ડની સાંસ્કૃતિક અને ભાષાકીય વારસા, પર્યાવરણીય જૈવવિવિધતા અને પ્રવાસનનો લાભ મળશે. આ કાર્યક્રમમાં બોડોલેન્ડ વિસ્તાર આસામ, પશ્ચિમ બંગાળ, ત્રિપુરા, નાગાલેન્ડ, મેઘાલય, અરૂણાચલ પ્રદેશ અને દેશની અન્ય જગ્યાએથી 5 હજારથી વધુ સાંસ્કૃતિક, ભાષાકીય અને કળાપ્રેમીઓ ભાગ લેશે.

દરમિયાન પ્રધાનમંત્રી વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી છત્તીસગઢના જિલ્લા મુખ્યમથકો પર યોજાનારા કાર્યક્રમોને સંબોધિત કરશે. આ પ્રસંગે તેઓ જનમન યોજનાના લાભાર્થીઓ સાથે પણ સંવાદ કરશે.

.................

## *PREZ JGD ADDRESS*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું કે, 'આદિવાસી સમુદાયના લોકો વિકસિત બનશે ત્યારે દેશ ખરા અર્થમાં વિકસિત બનશે.' જનજાતીય ગૌરવ દિવસની પૂર્વ સંધ્યાએ ગઈકાલે સાંજે રાષ્ટ્રને સંબોધિત કરતાં તેમણે કહ્યું કે, 'આદિવાસી સમુદાયના લોકોનો ઝડપી વિકાસ એ દેશની પ્રાથમિકતા છે. આદિવાસી સમુદાયોની સદીઓ જૂની ઓળખ જળવાયેલી રહે અને સાથે જ આધુનિક વિકાસના માર્ગ પર આગળ વધતી રહે.'

સુશ્રી મુર્મૂએ ઉમેર્યું કે, 'વર્તમાન સરકાર આદિવાસી સમુદાયના વિકાસ અને કલ્યાણની યાત્રાને ઝડપથી આગળ વધારી રહી છે.

## (બાઈટ- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ - વિકાસ)

રાષ્ટ્રપતિશ્રીએ કહ્યું કે, આ વર્ષે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જયંતિ નિમિત્તે કેન્દ્ર સરકારે ભગવાન બિરસા મુંડાની ધરતી પરથી "ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન"નો પ્રારંભ કર્યો છે. તેમણે કહ્યું કે, 80 હજાર કરોડ રૂપિયાના આ અભિયાનનો ઉદ્દેશ આદિવાસી સમુદાયને સરકારી યોજનાનો લાભ મળે તેવો છે.

રાષ્ટ્રપતિએ ઉમેર્યું કે, વર્ષ 2047 સુધી વિકસિત ભારતના નિર્માણના લક્ષ્યાંકમાં આદિવાસી સમુદાયમાંથી સિકલ સેલ એનિમિયાને નાબૂદ કરવાનો વિષય પણ સામેલ છે. તેમણે કહ્યું કે, રામાયણની કથામાં પણ આદિવાસી સમાજના સનાતન જીવનમૂલ્યોની ઝલક જોવા મળે છે. ભગવાન શ્રીરામ લાંબા વનવાસ દરમિયાન આદિવાસી સમુદાયના લોકોની સાથે તેમની જેમ જ રહેતા હતા.

.................

## *PREZ VICE PREZ GURU NANAK*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડે ગુરૂનાનક દેવના પ્રકાશપર્વ નિમિત્તે શુભેચ્છાઓ આપી છે. રાષ્ટ્રપતિએ પોતાના સંદેશમાં કહ્યું કે, ગુરૂનાનક દેવે પ્રેમ, ભાઈચારા, ત્યાગ અને બલિદાનના જીવનમૂલ્યો પર ભાર આપ્યો હતો. તેમના ઉપદેશ નૈતિક મૂલ્યોનું માર્ગદર્શન કરે છે અને સામાજિક જવાબદારી નિભાવતા આધ્યાત્મિકતાના માર્ગ પર ચાલવાનો સંદેશ આપે છે.

ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડે પોતાના સંદેશમાં લખ્યું કે, ગુરૂનાનક દેવનું જીવન માનવતાની સેવાનો સંદેશ આપે છે. તેમજ સત્ય, એકતા અને ભાઈચારાના માર્ગ પર ચાલવા માટે પ્રેરણા આપે છે.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

.................

## *MAHA CAMPAIGNING*

મહારાષ્ટ્રમાં આગામી 20 નવેમ્બરે યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે તમામ રાજકીય પક્ષો પૂરજોશમાં પ્રચાર કરી રહ્યા છે. દરમિયાન ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે મુંબઈના શિવાજી પાર્કમાં એક રેલીને સંબોધિત કરી હતી. શ્રી મોદીએ કહ્યું કે, 'કૉંગ્રેસ અને મહા-વિકાસ અઘાડી સત્તામાં આવશે તો તે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગની અનામત છીનવી લેશે.' તેમણે તમામ પક્ષોને પક્ષપાતમાંથી ઉપર ઉઠીને રાષ્ટ્ર માટે વિચારવાની પણ અપીલ કરી હતી.

આ તરફ કૉંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ નાન્દેડ અને નન્દુરબાર જિલ્લામાં 2 રેલીને સંબોધી હતી. તેમણે કહ્યું કે, 'ભાજપ આદિવાસી સમુદાયને જમીન, પાણી અને જંગલ પરના તેમના અધિકારોને નકારવા માગે છે. જ્યારે કૉંગ્રેસ બંધારણ અને અનામતના અધિકારની રક્ષા કરવા માટે સંકલ્પબદ્ધ છે.'

.................

## *JHARKHAND CAMPAIGNING*

ઝારખંડ વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કા માટેનો પ્રચાર વેગવંતો બન્યો છે. રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન – NDA અને ઇન્ડી ગઠબંધન પોતપોતાના પક્ષના સમર્થન દરમિયાન બંને એકબીજા પર આક્ષેપ-પ્રતિઆક્ષેપ કરી રહ્યા છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રીએ ગિરિડીહ, બોકારો અને ગન્દેય ખાતે ચૂંટણી રેલી સંબોધી હતી. દરમિયાન શ્રી શાહે કહ્યું, હેમન્ત સૉરેન સરકાર બાંગ્લાદેશી ઘૂસણખોરોને રક્ષણ આપી રહી છે. આ તરફ દુમકામાં ચૂંટણી રેલીને સંબોધતાં ઝારખંડ મુક્તિ મોરચાના વરિષ્ઠ નેતા ને મુખ્યમંત્રી હેમન્ત સૉરેને ઝારખંડ પછાત રહ્યું તેની પાછળ ભાજપ જવાબદાર હોવાનો આક્ષેપ લગાવ્યો હતો.

.................

## *EXPORT DATA*

દેશમાં આ વર્ષે એપ્રિલથી ઑક્ટોબર સુધીના સમયગાળામાં નિકાસ દર 7.28 ટકા વધીને 468 અબજ 27 કરોડ ડૉલર પર પહોંચી ગયો છે. ગતા વર્ષે આ સમયગાળામાં આ દર 436 અબજ 48 કરોડ ડૉલર હતો.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જાહેર કરેલા આંકડા અનુસાર, માત્ર વ્યાપારી વસ્તુઓની નિકાસ 252 અબજ 28 કરોડ ડૉલર રહ્યું હતું, જે ગયા વર્ષે આ સમયગાળા દરમિયાન 244 અબજ 51 કરોડ ડૉલરની સરખામણીએ 3.18 ટકા વધુ છે.

જ્યારે સેવા નિકાસનું અંદાજિત મૂલ્ય 12 ટકા વધીને 215 અબજ 98 કરોડ ડૉલર રહ્યું હતું, જે ગયા વર્ષે એપ્રિલથી ઑક્ટોબર દરમિયાન 191 અબજ 97 કરોડ ડૉલર હતું.

.................

## *CRICKET IND SA T20*

ક્રિકેટમાં, ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે જોનેસબર્ગના વાંડરર્સ સ્ટેડિયમમાં આજે ચોથી અને અંતિમ ટી-20 આંતરરાષ્ટ્રીય મેચ રમાશે. આ મેચ ભારતીય સમય અનુસાર રાત્રે સાડા આઠ વાગ્યે શરૂ થશે. ભારત ચાર મેચની શ્રેણીમાં 2—1થી આગળ છે. પહેલી મેચમાં ભારતે દક્ષિણ આફ્રિકાને 61 રનથી હરાવ્યું હતું. જ્યારે બીજી મેચમાં દક્ષિણ આફ્રિકાએ મહેમાન ટીમને ત્રણ વિકેટથી હરાવ્યું હતું.

ત્રીજી મેચમાં ભારત દક્ષિણ આફ્રિકાને અગિયાર રનથી હરાવી શ્રેણીમાં 2—1થી આગળ ચાલી રહ્યું છે.

.................

## *DEV DIWALI CELEBRATION*

સમગ્ર રાજ્ય સહિત દેશભરમાં આજે કારતક માસની પૂનમના પાવન દિવસ નિમિત્તે દેવ-દિવાળીની ઉજવણી કરાશે. આ દિવસે તમામ દેવતાઓ પણ દિવાળી ઉજવે છે. આજના દિવસે દીવાનું દાન કરવાની પરંપરા વિશેષ માનવામાં આવે છે.

પૌરાણિક માન્યતાઓ મુજબ, કારતક પૂનમના દિવસે ભગવાન શિવજીએ દેવતાઓને ત્રિપુરાસુર નામના રાક્ષસના ત્રાસમાંથી મુક્ત કર્યા હતા. ત્યારે બધા જ દેવતાઓએ વૈકુંઠલોકમાં દીવા પ્રગટાવીને ઉજવણી કરી હતી.

આ દિવસે સૌથી વધુ ભવ્યતા ભગવાન શિવજીની નગરી કાશી, હરિદ્વાર અને પ્રયાગરાજમાં જોવા મળશે.

આ પહેલા ગઈકાલે ગુજરાતમાં પાટણના સિદ્ધપુર નદીના પટમાં ભરાતા કાર્તિક પૂર્ણિમાના મેળાને રાજ્યના કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપુતના હસ્તે ખુલ્લો મુકાયો. આ મેળામાં પાટણ જિલ્લા સહિત મોટી સંખ્યામાં લોકો તેમના સ્વજનોની તર્પણ વિધિ માટે ઉમટી પડતા હોય છે.

.................

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે મારા સહયોગી હર્ષલ પંડ્યા...

- આજના અખબારોમાં દિલ્હીની ચિંતાજનક આબોહવા, મહારાષ્ટ્ર ચૂંટણીમાં વોટ જેહાદ માટે ગુજરાતમાં સો કરોડનું કૌભાંડ, જમીન બિનખેતી કરવાની કલેક્ટરોને સત્તા  જેવા સમાચાર છાપાઓની હેડલાઇન્સમાં જોવા મળી રહ્યાં છે.
- દિવ્ય ભાસ્કર અખબારે રાજ્યના કલેક્ટરોને બિનખેતી કરવા માટેની સત્તા અપાઇ હોવાના મથાળા સાથે મુખ્ય સમાચાર પ્રકાશિત કર્યા છે..
- સંદેશ, ફૂલછાબ અને નવગુજરાત સમય દૈનિકે દિલ્હીમાં વાયુ પ્રદૂષણ બેકાબૂના હેડિંગ સાથે સમાચાર પ્રસિધ્ધ કર્યા છે..
- અંગ્રેજી અખબાર ઇન્ડિયન એક્સપ્રેસે મણીપુરની હિંસાને હાઇલાઇટ કરી છે જ્યારે ટાઇમ્સ ઓફ ઇન્ડિયાએ સુપ્રીમો કોર્ટના હેટ સ્પીચ અંગેના નિર્દેશોને મુખ્ય સમાચાર રૂપે પ્રકાશિત કર્યા છે.

- આ ઉપરાંત ગુજરાતી અખબારોમાં સ્થાનિક અને રાજ્યના સમાચારમાં ખ્યાતિ હોસ્પિટલની નિષ્કાળજીને કારણે થયેલા બે લોકોનાં મોત અને ખ્યાતિ હોસ્પિટલના તબીબની ધરપકડના સમાચાર પણ મુખ્ય સમાચાર તરીકે જોવા મળી રહ્યાં છે.

--------------